**નામદાર મુખ્ય સિવિલ જજ અને જ્યુડી.મેજી.ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં–માળીયા હાટીના.**
**રેગ્યુલર દિવાની દરખાસ્ત નંબર–૦૯/૨૦૨૪ ના કામે આંક–૦૧ નું સાંધણ ....**

---

## –:: <u>હુકમ</u> ::–

(૧) આ કામ વાદી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા, ખોરાસા(ગીર) શાખા, તા. માળીયા હાટીના દ્વારા તા.૧૯/૦૪/૨૦૨૪ ના રોજ પ્રતિવાદીઓ પાસેથી લેણી રકમ વસુલ લેવા માટે દાખલ કરતાં પ્રતિવાદીઓ સામે અત્રેની કોર્ટ દ્વારા નોટીસ કરતાં આંક–પ થી નોટીસ બજી ગયેલ છે. આ કામે પ્રતિવાદી નં–૨ નાંઓએ જાતે હાજર થઈને અનુક્રમે આંક–૦૯ થી વાંધા જવાબ તથા આંક–૧૪ થી લેખિત દલીલ રજુ કરેલ છે. ત્યારથી આ કામ પ્રતિવાદી નં–૨ નાં વાંધાઓ અંગે સાંભળવા માટે મુલત્વી છે. વધુમાં આ કામે પ્રતિવાદી નં–૧ નાંઓને આંક–૧૫ થી ફેર નોટીસ કરેલ જે બજી ગયેલ છે પરંતુ, તેઓ આજદિન સુધી અત્રેની કોર્ટમાં એકપણ વખત હાજર રહેલ જ નથી કે કોઈ રિપોર્ટ પણ રજુ કરેલ નથી. જેથી પ્રતિવાદી નં–૧ સામે જં. મિ. જપ્તિ વોરંટ કાઢતાં, પ્રતિવાદી પાસેથી જપ્તિ લાયક કોઈ જંગમ મિલ્કત મળી આવેલ ન હોવાથી નીલ રોજકામનાં શેરા સાથે વગરબજે આંક–૧૭ થી રજુ છે.

(૨) ત્યારબાદ આ કામે તા.૦૪/૦૭/૨૦૨૫ નાં રોજથી વાદી કે પ્રતિવાદીઓ હાજર રહેલ નથી અને તા.૨૬/૦૯/૨૦૨૫ થી વાદીનાં વિ. વકિલશ્રી પણ હાજર રહેલ નથી કે, પ્રતિવાદીઓની સ્થાવર મિલ્કતની માહિતી રજુ કરેલ નથી કે વસુલાત કરવા માટે કોઈ દરકાર લિધેલ નથી.

(૩) આમ, ઉપરોકત સમગ્ર હકિકત ધ્યાને લેતાં આ કામે વાદી બેન્કને લેણી રકમની વસુલાત કરવા માટે તથા આંક–૧૪ થી પ્રતિવાદી નં–૨ તરફે રજુ થયેલ દલીલ અન્વયે સુનાવણી માટે આજસુધી અનેક મુદતો અને તક આપેલ હોવા છતાં આ કામે કોઈ સ્થાવર મિલ્કતની માહિતી રજુ કરેલ નથી કે કોઈ દરકાર કરેલ નથી તથા સુનાવણી અંગે હાજર રહેલ નથી કે કોઈ તજવિજ હાથ ધરેલ નથી. જેથી વાદીને આ કામ આગળ ચલાવવા કોઈ રસ ન હોવાનું રેકર્ડ ઉપરથી સ્પષ્ટ માનવાપાત્ર છે. જેથી સદર દરખાસ્ત વાદીના કસુરને કારણે ડીસમીસ ફોર ડીફોલ્ટ થી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ તારીખ : ૧૮ મી માહે : માર્ચ સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

**સ્થળ :** માળીયા હાટીના.

**તારીખ :** ૧૮/૦૩/૨૦૨૬.

(બી. વી. ગોહિલ)
**મુખ્ય સિવિલ જજ અને જ્યુડી.મેજી.ફ.ક.,**
**માળીયા હાટીના (કોડ નં.જીજે–૦૧૪૫૬)**